સાબરકાંઠાની વનૌષધિઓ

ભાગ ૮ મો



ટોરડા વિસ્તારના જીવતા દેવ

કાળાબાપજી

લેખક :

રાજવૈદ્ય રસિકલાલ પરીખ

સંજીવની હોસ્પિટલ, સંજીવની રોડ અમદાવાદ-૭

ટે. નં. ૮૫૧૩૮

Scanned with CamScanner



ટોરડા વિસ્તારનું કલ્પવૃક્ષ
તેનાં નીચાં ગરેલાં અમૃતમય ફળ
મહુડાં

Scanned with CamScanner

સાબરકાંઠાની વનૌષધિઓ

ભાગ ૮ મો

લેખક :

રાજવૈદ્ય રસિકલાલ પરીખ

સંજીવની હૉસ્પિટલ, સંજીવની રોડ, અમદાવાદ-૭.

ટે. નં. ૮૫૧૩૮

Scanned with CamScanner

પ્રકાશક
રાજવૈદ્ય રસિકલાલ પરીખ
સંજીવની હોસ્પિટલ, સંજીવની રોડ. અમદાવાદ-૯
ટે. નં. ૮૫૧૩૮

સંવત ૨૦૩૨ આવૃત્તિ ૧લી
એપ્રિલ ૧૯૭૬

(સર્વ હક્ક લેખકને સ્વાધીન)

કિંમત રૂ. ૫=૦૦

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
ધી નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ-૧.

પ્રસ્તાવના

ટોરડા વન વિસ્તાર એ એક આયુર્વેદના મહા માનવનો હાથ છે. તેમાં આવેલી ખુઠેલી નદી ચેતનવંતી છે અને તેનો પ્રવાહ અંદરથી વહી રહ્યો છે. આ ભાગ ભિલોડા વિસ્તારનો રહેલો છે. પહાડોના ડુંગરની હારમાળા અને બીજા લીલાછમ પહાડો જાણે જમીનમાંથી ઉપસી આવ્યા ન હોય તેવા અનેક ડુંગરાઓનો એ ફળદ્રુપ વિસ્તાર નાની મોટી વનૌષધિઓથી આચ્છાદિત છે. તેમાંય ધોળો ખાખરો, મીઠો મહુડો, વાંસ અને આંકોલ તો ઢગલાબંધ મ્હેં જોયાં છે. ટોરડાથી બે હારમાળા દોડે છે તેની એક પાંખ છેક આડા ડુંગર ભણી જાય છે. અને બીજી પાંખ પાલ્લા સુધી જાય છે પરંતુ આ બન્નેય પહાડોની હારમાળા વચ્ચેનો પ્રદેશ ખરેખર ફળદ્રુપ છે. અને આટલાં જંગલો કપાતાં પણ ૩૦૦ વર્ષ જુનાં મહુડાંનાં વૃક્ષ મ્હેં જોયાં છે મહુડાની ખૂબ મીઠી જાત અહિં જોઈ છે. મને ચોક્કસ ખાત્રી થઈ છે કે જીવનીય ગણની ઔષધિઓ આ પહાડમાંથી ચોક્કસ મળી રહે. ભિલોડા વિસ્તારમાં જીવનીય ગણ મળી રહે જો જરા વધુ શોધખોળ થાય તો. આ બાજુ પાતાળ કોળાં પણ વધુ થાય છે જે જ્ઞાનતંતુઓને સબળ કરનાર છે. આ પ્રદેશનું પાણી પાચક અને હલકું છે. સ્હેજેય કબજીયાત કરનારૂં નથી.

અહિં ટોરડાના વૈદ્ય રવિશંકરભાઈ ધોળા ખાખરાના વૃક્ષને ઉપરથી વહેરી બે હાથ ઊંડો ખાડો કરી તેમાં તાજાં આમળાં પુરી તેને કાદવથી લીંપી છાણાંથી સળગાવી તે આમળાં ખાખરાનો ઝરેલો અંદરનો રસથી બફાયેલાં, ગાયના ઘી અને મધ (વિષમભાગે) લઈ તેમાં નાખી છેક મુંબાઈના લોકોને તે ખવડાવતા હતા તેથી તેમની કીર્તિ સારી થઈ હતી.

ટોરડા વન વિસ્તાર આ રીતે મને ખાસ્સો ગમ્યો છે. અને ઉનાળામાં પણ તેનાં લીલાં ઔષધોએ પહાડની ચેતનતાનાં દર્શન મને કરાવ્યાં છે. અહિંના માણસો ખમીરવાળા લાગ્યા છે. ઝીંઝુડી હોલીમાતાના પહાડોથી આગળ ખમીર વગેરે પહાડોના નામ સંસ્કૃત ભાષામાં જ છે. આ લોકો અસલ ભીલ લોકો છે અને અસલ ભીલ સંસ્કૃતિ છે. આજ વિસ્તાર પરદેશીઓએ મીશનરીઓ નાખવા માટે ખાસ પસંદ કરેલો અને ધર્માંતર કરવા આર્થિક નબળાઈનો લાભ લીધેલો પરંતુ કાલા બાપજીનો ભીલ લોકોના હૃદયમાં એટલો બધો પ્રભાવ ઉંડો રહેલો છે કે પરદેશીઓ ફાવ્યા નથી. અને રામ શબરીની સંસ્કૃતિ જ રહેલી છે. અહિં ગાય-બકરી વધારે પ્રમાણમાં જોઈ અને ઘરોમાં લીંપણ અને ચોકખાઈ મને ખાસ્સી ગમી છે. બકરીઓ વનકડી ખાઈને અને ગાયો જડીબુટ્ટીઓ ખાઈને મને ખૂબ તંદુરસ્ત લાગી છે. મને પણ ઝીંઝુડીમાં ખમીર પહાડ પાસે ગાયનું દહિં દૂધ છાસ ઘી ખાવા મળ્યાં છે. લોકોમાં કર્મ, ખમીર, ભક્તિ અને ચેતનતાના દર્શન થયાં છે. અહિંના વાંસ ઘણા જ વખણાય છે. પાલથી ટોરડા વિસ્તારમાં હજાર હજાર વર્ષો જુના ઝાડમાંથી ૭૦૦ વર્ષનો રૂખડો અને ૫૦૦ વર્ષનો મહુડો જોઈ મને અહિંની આયુર્વેદિક સંસ્કૃતિ ખૂબ જ પુરાણી લાગી છે. એક વાર રસાયણ પ્રયોગો કરાવવાનું આ મહાન કેન્દ્ર હતું. મારા શિષ્ય શ્રી રમેશભાઈ વૈદ્ય આ પ્રવાસમાં સાથે જ હતા. અને ત્યાંના દરબારના દરબારગઢમાં અમને ઉનાળો મુદ્દલેય જણાયો નથી ઉલટી ઠંડક

અનુભવી છે અહિંના વાંસના ચોખૂણીઆ ટોપલા અને અહિંનું સાંભેલું મને બહુ જ ગમ્યું છે. આકાશીય ખેતી કરી કેવળ ભેજથી પાકતો પાક ખૂબ મીઠો. લાગે છે તેથી તો આ લોક ખૂબ જ તંદુરસ્ત રહ્યા છે. આ બાજુ વેલાઓ ઘણા છે અને કડી તુમડી વિગેરે માલમ પડી છે. સાબરકાંઠે વનસ્પતિનો બગીચો છે તેનો ટોરડા વન પ્રદેશ જેવા ખુણાનો ભાગ પણ દિવ્ય બહુ પ્રભાવશાળી ઔષધિથી સભર છે. બોરોલી નદી એટલે ખુદેલી નદી ભલે ખૂણામાં પડી હોય પણ કુમારી કન્યા જેવી થનગનતી થનગનાટવાળી મને લાગી છે અને છેક ખુદેલી ગામથી તે હાથમતિને મળે છે ત્યાં સુધીનો કાંઠો સાવ જંગલનો જ પ્રદેશ છે. ચોમાસામાં તે મલકતી માલમ પડે છે અને ઉનાળામાં ગંભીર માલમ પડે છે. હે સાબર! તારા વહેતા પાણીમાં હજારો નદીઓ મળે છે. જેવી કે બેંસકા, ગુહાવી, હાથમતિ, ખારી, મેશ્વો, વાત્રક, માહિષ્મતિ, હરણાવ પણ તેમાંય જે ટોરડાની ખુદેલી નદીએ મને જે ચેતનતા બતાવી છે. તે મારાથી નહિ ભૂલાય. આ સાથે સાબરકાંઠાની વનસ્પતિઓના ૮ ભાગ પુરા થાય છે. તે ધન્વંતરીની કૃપા છે.

ઝીંઝુડીની પાછળની હારમાળામાં "કણાદર" પહાડ છે ત્યાં ધરતી માતાનું સ્થાન છે. ત્યાં કૂવો છે તે બાર ખાટલા સીધા સમાય તેટલો ઉંડો છે અને બારેય માસ પાણી રહે છે. રાણા પ્રતાપ અહિં રહેલા. એ રીતે ખુદેલીની આજુબાજુની હારમાળા ખૂબ ગીચ અરવલ્લીની હારમાળા છે. "હલ્દુ" "ધરતીમાતા" આ બધા સંસ્કૃત નામો આજે પણ છે. પર્વત ઉપર ને ઉપર થઈ છેક આતરસુંબા સુધીના પહાડ પર જ્યાં લીલી ધજા ફરકે છે અને પ્રતાપ રહ્યા હતા ત્યાંથી કાછરોટીઆ અને સોમપુર તથા ફુલવાડીમાં પ્રતાપ રહ્યા હતા તે બધાં સ્થળો જોયાં તેમાં ધરતી માતાનું સ્થાન ખરેખર ચડી જાય છે. અરવલ્લીની ગોદ આ રીતે રાણા પ્રતાપે ગુંદી છે તેનો યત્કિંચિત ભાગ ગુંદવાનો આયુર્વેદના પ્રતાપે મને લાભ મળ્યો તેથી ટોરડા વિસ્તારે મને ખરેખર પાવન કર્યો છે.

નવપ્રભાત પ્રિ. પ્રેસના મારા મુરબ્બી શ્રી મણિભાઈ શાહને આભારી આ સફળતા છે અને પરમસ્નેહી શ્રી નટુભાઈ સી. ઓઝા કે જેમણે સ્પષ્ટ ફોટાઓ લીધા છે અને સાથે રખડ્યા છે તે બદલ આભાર.

રાજવૈદ્ય રસિકલાલ પરીખ

સંજીવની—અમદાવાદ
ચૈત્ર સુદ. ૬ સંવત ૨૦૨૨.



બુઢેલી નદીનો માર્ગ : ઝાંઝરીથી પહાડામાંથી નીકળી મનોરપુર થઈ ભાનમેર તરફ બુઢેલી આવે છે. ચૌવાનીયાથી એક નાનો વેરો બીજો નીકળે છે. બન્ને ય વહેરા રામપુરથી એક વાંઘુ ટોરડા પાસે મળે છે. સિલાદ્રી આગળ બુઢેલીનો બીજો ફાંટો જે લાલપુરથી ઉંચેના ભાગમાંથી નીકળી ધનસોર પાસે આવી ઉખરાલ, ઉમરવાડા અને અજીતપુર તરફ થઈ સિલાદ્રી પાસે બુઢેલીને બે ફાંટાઓ મળે છે. ત્યાંથી માધુપુરા, બાવામઠ, કંઠારીઆ, ધોલવાની ત્યાં થઈ હરસોલ પાસે હાથમતીને મળે છે.

Scanned with CamScanner

સાબરકાંઠાની વનૌષધિઓ

ભાગ ૮ મો

ઝીંઝુડી—શામળાજીથી ભીલોડાના રસ્તે પાલ તરફ જતાં એક ટેકરી ઉપર થોડી વસ્તીનું ગામ છે. ત્યાં અમારા શ્રી મગનભાઈના ઘરે ઉતારો કર્યો.

આ ટેકરી ઉપર પણ આરસ જેવા ટુકડા વેરાયેલા પડ્યા છે. આંગણામાં બોરડીનું ઝાડ હતું. તેના ઉપર વાલોળનો વેલો ચડાવેલો હતો. જેને ઢગલાબંધ વાલોળ લાગેલી હતી. વાલોળ અને વાલ એમાં ફેર છે. ખૂબ જ મોટો દાણો અને લાંબી શીંગ.



હોલી માતાનો પહાડ

ઝીંઝુડીની સામે એક બહુ જ સુંદર પહાડ છે. તેનું નામ હોલી માતાનો પહાડ કહેવાય છે. જ્યારે વરસાદ ન આવે ત્યારે ચોમાસામાં ઘણા લોકો આ પહાડ ઉપર ચડે છે. અને એક ઝાડ નીચે જઈ દીવો પૂજા વગેરે કરે છે. તે ઝાડનું નામ રીંજવો છે. તેને લાલ ફૂલ થાય છે. આ હોલી માતાનો પહાડ લીલો પહાડ છે. ઝીંઝુડીના પહાડને હલદ્રુ પહાડ કહે છે. કારણ ત્યાં હળદરવાના વૃક્ષો ઘણા થતા હતા. આ પહાડના પાછળના ભાગના પથ્થર કાચા આરસ જેવા દેખાય છે.

Scanned with CamScanner

આ હલદ્રુના પહાડને અડીને બીજા બે પહાડ આવેલા છે. પહેલો આવે છે ટીંગજો ડુંગર અને ત્યાર બાદ ખમીર પહાડ આવે છે.



ટીંગજો પહાડ

આ પહાડના પાછળના ભાગમાંથી થોડે દૂર હાથમતી વહી રહી છે.



ખમીર ડુંગર

અહીં નીચેના ચીત્ર પ્રમાણે આ લોકોના ઘર, તેમનું સાંબેલું, તેમના ટોપલા વગેરે સ્વાશ્રયી જીવનની યાદ આપે છે.



ઝીંઝુડી ઉપર મગનના ઘેર સાંબેલું અને ટોપલી

મગનની બા સુકીબેન અને કાકા સવજીભાઈ

ખૂબી તો મને એ લાગી કે શહેરના ફ્રીઝ કરતાં પણ ઠંડુ પાણી મને અહીં મળ્યું. અને તપેલું લોહી તરત જ શાંત પડ્યું. આ માટી અને હવાનો પ્રભાવ જ એવો છે કે ત્યાંના માટલામાં ઠંડુગાર પાણી જ રહે છે.

Scanned with CamScanner



હળદ્રુ પહાડ ઉપર, ગ્રુપ

મગનની બાનો પ્રેમાળ સ્વભાવ બધાને ચા પીધા સીવાય શેં જવા દે? બધાએ નિરાંતે ચા પાણી કરી ચણાનો ઓળો ખાઈ વિદાય લીધી.

એંસી વરસની ઉંમરે
શંકરાજીના દાદા

આ ઘરના આંગણે ઓરડી હતી. અહીંથી કુવાનું મધુરૂ પાણી પીને અમે ખેતરને રસ્તે ચાલવા લાગ્યા, રસ્તામાં કુબો અને કુબી બે જુદી જાત જોવા મળી.

કુબીની કઢી કરી આ લોકો તાવમાં પીએ છે.

અહીં ઝાડો ઉપર કડવી તુંબડી ગોળ લાંબી વગેરે લટકતી હતી. તે પણ જોઈ. આયુર્વેદમાં તેના અનેક કલ્પો જોયા છે. અહીંથી પાલની સડક ઉપર નીકળી સુંદર વાંસ જોયા.



વાંસ

ત્યાંથી આગળ જઈ અમે પ્રભાબેનને ઘેર બનાવેલા મેથીના થેપલા અને હાંડવો તથા સૂકી ભાજીનું શાક તથા ગીતાબેનની પૂરી અને દહીં તથા અથાણાનો નાસ્તો કરી કુવાના ઠંડા પાણીથી ક્ષુધા સંતોષી. સાબરકાંઠાનું પીકનીક અમે અહીં જ અનુભવ્યું. સમુહ ભોજન લોહી વધારનાર તો છે જ. અમે જ્યારે દસેક વર્ષ ઉપર કેસરીયાથી દૂર હતા ત્યારે હિન્દુ ભક્ત બાઈ શ્રી કીકીબેને છેલ્લા શ્વાસ વખતે મારી પાસે પાણી માગ્યું. દૈવ કૃપાથી તે વખતે બપોરનો સમય હતો, અને પાસે જ કૂવામાંથી એક બાઈ પાણી કાઢતી હતી. તે પાણી પણ આટલું જ ઠંડુ હતું. સાબરકાંઠાના પાણીની ખરેખર અજાયબી છે. આ લોકોની

ખેતી એકલા ભેજ ઉપર પાકે છે. નહીં વિલાયતી ખાતર કે નહીં પાણી. જેને આકાશી ખેતી કહી શકાય. તેથી તેમનું ધાન્ય ઘણું મીઠું લાગે છે. અમે તેમને ત્યાં પહેલી વાર ભાત ખાધા હતા. તે ખૂબ મીઠા હતા. ભાઈ હરજીના દાદા ભગત તરીકે ઓળખાય છે.

અહીં પણ કબીર પહોંચી ગયો છે. ઘરમાં સુંદર તંબુરો રાખી ભજનની હેક ગાઈને જીવ હેઠો બેસાડી મન આત્મસાત કરે છે. આ લોકોનું જીવન ભારોભાર ચેતનવાળું છે. તેમની કોઈ ક્રિયા બેતાલી દેખાતી નથી.

આ વખતે ૨૦૩૨ ની ફાગણ વદ અગીયારસ હતી. એટલે વસંત પૂર બહારમાં હતી. ઘરઆંગણે લીમડો હતો. તેને મ્હોર આવ્યો હતો. બે બકરીઓ હતી. તેનું દૂધ અમારી નીલાબેનની સૈજુને પીવરાવ્યું કે તે રોતી બંધ થઈ ગઇ આ લોકોના આંગણાની ચોખ્ખાઇ જોવા જેવી લાગી. મને લાગે છે કે મીશનરીઓ આ લોકો પાસેથી ચોખ્ખાઈ શીખ્યા હશે.

અહીંથી પાલ તરફ જવાનો રસ્તો છે, આ લોકો પણ તંબુરો રાખે છે અને જીવનની વીંટંબણાઓમાં ભજનનો સ્વાદ લઈ અંતર્મુખી પણ થઈ શકે છે. મેં પણ થોડા ભજન ગાયા. છાસ અને દહીં તો આ લોકોના જ છે. અર્થતંત્રની આંટીઘુંટી અહીં નથી, પણ થોડામાં ઘણાનો સમાવેશ કરે છે. વચ્ચે ઘર બે બાજુ ગમાનો અને મોટી ઓસરી હોય છે, આ વખતે તેમની ચણાની ખેતી હતી. ભાંગનુ મારણ પણ ચણા છે. અહીં ચણાનો ઓળો પાડી પેટ ભરીને ચણા ખાધા. ઘરના એક ખૂણામાં ભાઈ હરજીના પિતા અને દાદાએ ભક્તોના ફોટા રાખ્યા હતા. ત્યારે મને થયું કે આ લોકોનો આધાર દૈવકૃપા છે. આ ઝીંઝુડીનો નાનો પહાડ પણ ચેતનવંતો લાગ્યો. પહાડ ઉપર કૂવો છે તેમાંથી પાણી ખેંચે છે. ઝીંઝુડીથી આ લોકો ભીલોડા સાથે વહેવાર કરે છે. બીજી બાજુ પાલ આવેલું છે, ચણાની ખેતી ખરેખર સારી છે. હજુ અહીં ટ્રેકટર, જંતુનાશક દવા અને વિલાયતી ખાતર પેઠું નથી. તેથી જ ચણાનો ઓળો ખૂબ મીઠો લાગતો હતો. વાલોળનું શાક આંગળા કરડી ખાય તેવું હતું. હવે વૈજ્ઞાનિકો કહે છે કે વાલોળમાં ઈન્સ્યુલીન છે.

કાળી અને લાલ વાલોળના વેલા દરેકને ઘેર જોવા મળે છે. વનવાસીઓએ વાલોળના શાકને અપનાવ્યું છે. અહીં લાલ ફુલવાળા બીયાના કણઝી જેવા વૃક્ષો જોવા મળ્યા. એમાંથી નીકળતો ગુંદર જે હીરાદખણ તરીકે ઓળખાય છે. તે ગુંદર છુંદણા કરવા માટે વપરાય છે. અહીંની પ્રજા તે વાપરે છે. અનેક શાખાઓવાળું આ વૃક્ષ ફૂલના ભારથી લચી પડેલું જોયું. એના થડની છાલ ભૂરા રંગની, ખરબચડી અને ઉપર ઊભા ચીરા પડેલા હોય છે. રક્તપિત્ત અને આંખના રોગો તથા રસાયન પ્રયોગમાં તેમજ મેદ ઘટાડવા અમાશ વૈદો આનો પ્રયોગ કરે છે.

Scanned with CamScanner

વનસ્પતીથી ભરપૂર બુઢેલી નદીનો કાંઠો

૧૯૪૭ થી બારસો માઈલની અરવલ્લીની મુસાફરી મેં કરી છતાં દૈવ વશાત્ ટોરડાનો ખૂણો પર્યટનમાંથી રહી ગયો. હતો. વૈદ્ય અને તે શુદ્ધ આયુર્વેદનો એટલે કે આત્રેય શાસનનો ઉપાસક હોવાથી, ફરનાર હોવાથી લોકોએ ચરક નામ પાડયું. હું છેવટે આ ખૂણામાં પહોંચ્યો તો ખરો. આ વખતે અમે આડા ફોરેસ્ટની તળેટીમાં થઈ હાથરોલ પાસે થઈ વાંકાનેર વટાવી અમે ટાકાટુકાથી આગળ આવ્યા. જ્યાં જાયલા પાસે પ્રથમવાર બુઢેલી નદીનાં દર્શન કર્યા. આ નદીનું મહાત્મ્ય ઘણું સાંભળ્યું. તેના પુલ ઉપર



બુઢેલી નદીનો પુલ

બોરલ નામ લખ્યું છે પણ તેનું ખરૂં નામ બુઢેલી છે. મહીસાગર અને દેલવાડા નજીક નદીમાં જેમ પથરા છે તેમ અહીં પણ ગોળ ગોળ પથરા છે આ નદીમાં પણ નીચે વહેણ ચાલુ છે. કારણ ટોરડા પાસે પણ પાણી જોયું તેમ આગળ બુઢેલી પાસે પણ પાણી જોયું. ચોમાસામાં આ નાની પણ ભયંકર વેગવાળી નદી ટોરડાના દરબાર ગઢની ભીંતે અથડાય છે, પરંતુ આ લોકોનો પાયો આઠ દસ ફૂટ ઊંડો અને ૩-૪ પહોળો પથ્થરનો હોવાથી પૂર તેને કશું કરી શકતું નથી. જેમ આયુર્વેદનો પાયો મજબૂત હોવાથી એલોપથીનું પૂર મારા ગુરૂને બીલકુલ અડી શકયું નથી.

અહીંના ઠાકોર શ્રી દોલતસીંહ સ્વભાવે મીલનસાર અને ખૂબ માયાળુ લાગ્યા. ગમે તેમ કહો પણ છેવટે વીસામો તો દરબાર ગઢનોજ. ડેલી બંધ મકાન, મોટા ખુલ્લા ચોક. માટીના ચણતરવાળી ભીંતો અને જાંબુડીના પાટીયાની છત, બધું જ ઠંડું. મારા ગુરૂશ્રી કહેતા કે અહીંના સ્વામી પૂ. ગોપાલાનંદજી ખૂબ પ્રભાવી હતા. અને તેઓ ટોરડાના બ્રાહ્મણ હતા. ગઢડાના બાર વરસ દરમ્યાન પૂ. શ્રી ગોપાલાનંદજી વિશે ઘણું સાંભળવા મળ્યું હતું. અહીં પણ દરબારે સ્વમુખે તેમની ભારોભાર પ્રશંસા કરી. તેઓ કૃષ્ણ અને બળદેવ તથા સ્વામીબાપાની પૂજા કરતા; તે મૂર્તિઓ સાથે અહીં સુંદર મંદિર બનાવ્યું છે.

અહીં થોડે દૂર અચલેશ્વર મહાદેવનું સ્થાનક આવેલું છે. ટાકાટુકા પાસે એક શીવ



ટાકાટુકાનું મહાદેવનું મંદિર

મંદિર આવેલું છે જે આ ભૂમિની બ્રાહ્મણ સંસ્કૃતિનાં દર્શન કરાવતું હતું. અહીંના પથ્થરીયા ડુંગર પણ એક અજાયબી જેમ જોવા જેવા છે.

અહિંના વાંસ છેક મહેસાણા ઉત્તર ગુજરાત અને ખેડા જીલ્લો વાપરતું.

આદિવાસીઓ પોતાના ઘર આજુબાજુની વાડ, અનાજ સુકવવા માટેના વાંસના કટલા અને માળો; સાદડી, અને ખાટલા પણ વાંસના જ બનાવતા હતા. વાંસના ઘોડીયાં પારણાં બનાવતા. વાંસનાં પારણાં એટલે છોકરાની કરોડ વાંકી રહે જ નહિ. રાયણાની માફક મહુડાને ઉછરતાં બહુ જ લાંબો સમય લાગે છે. કુળ એક જ છે, પણ અત્યારે બહુ મહુડાં ઉછરતાં જ નથી. ઉલટાં ઓછાં થતાં જ જાય છે. તેમાં બે જાત છે, એક કડવી

Scanned with CamScanner



ટાકાટુકાનો પથ્થરીયા ડુંગર



બીલવાણીયા તળાવ

મોંડપરનું નાકું ધનસોર ગામ પાસે મોટું તળાવ થઈ શકે તેવું છે પણ અહિં આ તળાવ બીલવાણીયાનું જોઈ અમે ખુશ થયા તેથી કુવાના પાણી ભરેલાં રહે છે જમીનમાં ભેજ વધે છે (Indirect Irrigation) બંધ સારો સીધો લાગતો હતો.

મહુડી અને એક મીઠી મહુડી. મીઠામાં પણ અનેક જાતની મહુડીઓ છે. અમે મીઠી મૃહુડીનાં મહુડાં ઘંઘાસન પાસે ખાધાં. આ મહુડાં એ આદિવાસીઓનું કલ્પ વૃક્ષ છે. ઢોરના ખાણુ માટે વાપરે છે, દારૂ પીએ, ડોળીયાનું તેલ ઘી તરીકે વાપરે છે અને મહુડાંના ઢેકરાં (ઢોકરાં) ખૂબ મીઠાશવાળાં ખાય, અને ચોમાસામાં મહુડાંનો લાડવો ખાય. મહુડાં શરીરને ગરમી આપે છે અને શરદી કાઢે છે.

બુઢેલી નદીનો કાંઠો વાંસના જંગલોથી પહેલાં ભરપૂર હતો. અહીંના વાંસ પ્રખ્યાત હતા જેવી રીતે બરડા ઉપર કીલેશ્વરના વાંસ પ્રખ્યાત હતા. દરબારગઢમાં અહીંના વાંસની સાદડી અને તેની કિનાર જોઈ હું મુગ્ધ થઈ ગયો. તેમના ઘરમાં ઘોડાના વાળની માંખી ઉડાડવાની ચમરી જોઈ. આ નદીના સામા કિનારે પાડા ગામ છે.

અહીં આજુબાજુના પાડા, બુઢેલી, ધારાસણ, બુધરાસન, આંબાબાર, રામપુરી, ભાણમેર, ધનસોર, ઘુંઘાસણ વગેરે ગામો આ નદીના પ્રતાપે ખેતીમાં મને સમૃદ્ધ લાગ્યાં.

Scanned with CamScanner

ટોરડાનો વનપ્રદેશ

બુઢેલીનો કાંઠો અને ટોરડાનો વનપ્રદેશ ખૂબ ઐતિહાસીક ગણી શકાય. અહીં ટોરડામાં પહેલાં રવિશંકર વૈદ્ય હતા. જેમ માલપુરમાં સમજુ વૈદ્ય હતા. રવિશંકર વૈદ્ય અહીંના ધોળા ખાખરામાં આમળાં બાફી તેનો રસાયન પ્રયોગ કરાવતા હતા. ભૂપતગઢના બરાબર સામા કાંઠે હરણાવ ઉપર પીળા ફુલવાળો રોગત રોહીડાના બે વૃક્ષો આજે પણ મોજુદ છે તેમ અહીં ધોળો ખાખરો જોવા જેવો છે.

ખાખરાની ડાંખળીમાં ત્રણ પાન હોય છે પણ રતનપોર પાસે અણુસોલ ગામ મેશ્વો નદીને ક.ઠે છે ત્યાં એક પાનીયો ખાખરો માલૂમ પડેલ છે.

શ્રી ડાહ્યાભાઈ અમારી સાથે હતા. તેઓ પણ ઘણા ઉત્સાહી હતા. અહીં શ્રી પોપટભાઈએ પણ ખેડબ્રહ્મા પાસે એક આદીવાસીએ મોકલેલ મૂળીયાની વાત કરી. ત્યારે મને થયું કે અહીંના આદીવાસીઓ પણ ઘણા જાણકાર છે. રવિશંકર વૈદ્ય પેઢીઓથી અહીં દરબારની જાગીરમાં આવેલા. આ રીતે દરબારોએ વૈદ્યોને પોશ્યા છે તેનાથી વનસ્પતિ મહીમા જળવાયો છે. આ પ્રદેશમાં ધોળો ખાખરો અને વાંસ ખૂબ થતા હતા. અહીં ચમેલી જેવી સુગંધવાળા અંકોલનું ફલાવરીંગ જોઇ અમે મુગ્ધ થયા હતા.



અંકોલ ફલાવરીંગ વૃક્ષમાં

Scanned with CamScanner



અંકોલ ફ્લાવરીંગ ડાળીમાં

ટાંકાટુકાથી ટોરડા સુધીની બુઢેલી નદી પણ પથ્થરીયા જ જોઈ નદી સાંકડી છે, અને બહુ



ટાકાટુકાથી આગળ જતાં દેખાતી બુઢેલી નદી



ઉઢેલી નદી ટોરડા પાડા પાસે



સ્વામી ગોપાલાનંદ

ઉંડી નથી. પરંતુ ટોરડા ગામ જે સાતસોની વસ્તીનું છે તેની સ્ત્રીઓને કપડાધોતી જોઈ. આ બુઢેલી ઉપરનો પાડાનો ડુંગર બહુ જ રળીયામણો લાગ્યો. પાડા અને ટોરડા વચ્ચે બુઢેલી પથરાયેલી છે. અહીંના ગોપાલાનંદજી સ્વામીએ સારંગપુરના હનુમાનની પ્રતિષ્ઠા સ્વહસ્તે કરી હતી. ગોપાલાનંદ સ્વામી સાથે શામળાજી ભગવાનનો અપાર સ્નેહ હતો. સ્વયં શામળાજી અહીં રમવા આવતા અને સવારમાં વહેલા પાછા શામળાજી મંદિરમાં જતા રહેતા. એક વખત રમતમાં ગોપાલસ્વામીના ઘેર ભગવાનનું ઝાંઝર રહી ગયેલું. જેનો ચમત્કારીક અનુભવ ત્યાંના પુજારીઓને પ્રત્યક્ષ થયેલો. આ ઝાંઝરની બીના પછી શામળાજી ભગવાન અને ગોપાલસ્વામી ઉપરની લોકોની શ્રદ્ધા ખૂબ વધી. દૂરદૂરથી અનેક ભાવિકભક્તો અહીં દર્શનાર્થે આવવા લાગ્યા.



સ્વામી ગોપાલાનંદ અને તેમના પરમભક્ત શ્રી મનુભાઇ દવે

યોગેશ્વરાનંદના શિષ્ય વૈદ્ય શ્રી કોઠારીસ્વામી મહારાજે અમને સુંદર ભોજન કરાવ્યું અને તેમનો આયુર્વેદ પ્રેમ દર્શાવતો ફોટો શ્રીમન્નારાયણ તથા શીવાનંદજીની સ્મૃતિ સાથેનો જોયો.

અમારા બારમા આયુ. સંમેલનમાં ગોપીસ્વામી હાજર રહ્યા હતા તે વખતનો ફોટો સ્મૃતિરૂપે રાખેલ હતો.

તેમણે અલૌકિક પ્રભાવવાળી અનેક વનૌષધિઓની વાત કહી. પારાને બાંધવો, પારામાંથી સુવર્ણ કેમ કરવું તથા સોમલના યોગો કેમ સિદ્ધ કરવા વગેરે વાતોથી અમે ખૂબ પ્રભાવિત થયા હતા. મંદિરમાં લીંબોળીનું વૃક્ષ અને આંબ[illegible]ાપરા જેવી કેરીઓ હતી. છાસ વલોવવાનું સુંદર વલોણું હતું.

બુઢેલી નદીનું મૂળ

આ બુઢેલી નદી હાથમતીને ભીલોડા પાસે જ મળે છે. અહીંથી પહાડા પાસે જઈ પર્વતની બે બાજુ બે હારમાળા જોઈ. જાણે આ પહાડો જમીનમાંથી નીકળી ભૂમિ સાથે એકમેક ચોંટેલા હોય તેવા દેખાય છે. પહાડોની પર્વતીય હારમાળા લીલીછમ છે અને તે મેરૂ સુધી પહોંચે છે. જ્યારે ડાબી બાજુની હારમાળા એ પણ એટલી જ લાંબી છે. પાલ્લા સુધી સમાંતર આવી ત્યાંથી એક શામળાજી તરફ વળી જાય છે જ્યારે બીજી આડા તરફ વળે છે. આ બે લાંબા પર્વતો વચ્ચેની જમીન ખૂબ ફળદ્રુપ છે. નર્યા મહુડાના વનથી



મહુડો ફ્લાવરીંગ સાથે

આચ્છાદિત છે. આ મહુડા અમને મીઠાં ખૂબ લાગ્યાં. મધ્યાહ્ને મહુડો મહેકતો હતો. બુઢેલી ગામ નજીકથી બુઢેલી નદી દેખાતી બંધ થાય છે પરંતુ તે ડુંગરપુર પાસેના

પાલીસોડા આગળના ડુંગરોમાંથી નીકળે છે, અહીં ચોખા પણ સુંદર થાય છે. અને મહુડાના ગણ્યા ગણાય નહીં તેટલા વૃક્ષો આદીવાસીના જીવન નિર્વાહ રૂપ બની રહ્યા છે. તેનો મધુર રસ પોષક છે, ૨૦૦–૩૦૦ વર્ષ જુના આ મહુડાના વૃક્ષો ખૂબ ખખડધજ અને રસભર્યા છે. તેનું ફ્લાવરીંગ બહુ સુંદર દેખાય છે જ્યારે મહુડા ઉપર પાંદડા હોતા નથી ત્યારે કેવળ ફુલો જ દેખાય છે.

ટોરડ થી અમે શામળાજી ગયા ત્યારે વચમાં પાડા, બુઢેલી, ધારાસણ, ધંધાસણ અને છેવટે ડામર રોડ ઉપર આવતા પાલ્લા ગામ ઉપર થઈને પસાર થયા. આ બધા ગામો પાડાના જંગલો અને ડુંગરાની તળેટી પાસે આવેલા છે. ધંધાસન, બુધરાસણ, ધરાસણ, અજીતપુરા, આંબાબાર, પાટીયાકુવા, રામપુરા, ધનસોર, ભાણમેર, બાવળા, જેતપુર આ બધાં ગામોની આજુબાજુ પણ વનશ્રી પથરાયેલી છે. તેને પાડા પટ્ટો કહેવાય છે.

A child is after the image of God.

એમ અમારા દવે સાહેબની દીકરીની દીકરી સંજીવનીએ કાલીભાષામાં માર્ગમાં ખૂબ



દવે સાહેબના દીકરી નીલાબેનની દીકરી સંજીવની

આનંદ આપ્યો. અમારે મનુભાઈ દવે અને તેમના પ્રેમાળ ધર્મપત્ની શ્રીમતી પ્રભાબેનનો મમતાભર્યો લાગણી સભર માયાળુ સ્વભાવ ભૂલાય તેમ નથી જયારે જઉં ત્યારે ઢાકળાં અને છાસ વગર જવા ન દે. આ વખતે અમે બામણા પાસે હાથમતી અને ઇન્દ્રાસીના જળાશય જોયા. આ વખતે હાથમતીની કેનાલ અમે જોઈ. ગાંભોઈથી બામણા, હાથરોલ, દોલા, શામળાજી અને ગાંભોઈ એમ સરક્યુલર પ્રદક્ષીણા કરી. નરસીંહ મહેતાએ તેના



શ્રી મનુભાઈ દવે અને તેમના ધર્મપત્ની પ્રભાબેન

સુંદર પ્રભાતીયામાં લખ્યું છે કે "વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે" તે પરમાત્માનું દર્શન અમે અહીંની અરવલ્લીની હારમાળાની વચ્ચે મહુડાના વૃક્ષોમાં કર્યું. આખાયે રસ્તે મહુડાની વાસ આવતી હતી. અહીંથી પાલ્લાથી ભીલોડાની સડક ઉપર નીકળી સુંદરવર



શામળાજી મંદિરનું નવસર્જન

શામળીયાના નવસર્જન થયેલા મંદિરમાં આવ્યા. તુરત જ અમને દર્શન થયા. સહુ પાવન થયા. આ મંદિરની કોતરણીમાં છાસના વલેણાની કોતરણી જોઈ અને સાઈડનો



શામળાજી મંદિરની કોતરણી–વલોણું



શામળાજી મંદિરનો સાઇડવ્યુ

Scanned with CamScanner

વ્યુ લીધો. ભાઈશ્રી શાંતિભાઈના દીકરાએ ગરમાગરમ ડુંગળીના ગોટા ખવરાવી બ્લડ કલોરેસ્ટ્રોલ ઘટાડનાર ગુણનું દર્શન કરાવ્યું.

ટોરડાના દરબારશ્રીએ કહ્યું કે અહીંના સાગ ઘણા મજબૂત હોવાથી મલબારી સાગની જરૂર નથી. તેમજ અહીં ઉંબીયો, કુદરતી પીળા રંગવાળો હળદરવો, બીયો, નગોળ, આવળ, બહેડા, અંકોલ, ગુગળ આ બુઢેલીના કિનારે પુષ્કળ થાય છે. આયુર્વેદના સાધકે ટોરડાના વન પ્રદેશમાં ફરવું જરૂરી છે. ભગવાન શામળાજીની કૃપાથી આ પ્રવાસ ખૂબ આલ્હાદજનક અને દિવ્ય ઔષધીઓના દર્શન કરાવનાર નીકળ્યો.

આ પ્રદેશનું પાણી ખૂબ હલકું અને તંદુરસ્ત લાગ્યું છે. મોટા ભાગના પહાડો લીલાછમ લાગ્યા છે. પહાડોની ઉંચાઈ મધ્યમ છે. જમણી બાજુની હારમાળા છેક આડા ફોરેસ્ટ સુધી જાય છે.

•

અહીંથી ૧૦ માઇલ દૂર કુંડોલ ગામ પાસેના ડુંગરમાં એક ઉંડી ગુફા આવેલી છે. તેમાં પાણી ભરેલું છે. ગુફામાં પેસતાંજ વૈશાખી બપોરની આગ શીતલ થઈ જાય એવી હેમ જેવી ઠંડક આ ગુફામાં મળી રહે છે.

પિલ્લક

અરવલ્લીની દિવ્ય પ્રભાવવાળી આવી અનેક ઔષધિઓ અહીં પડેલી છે.

Scanned with CamScanner

અનેક ઋષિ વૈદ્યોના વન વિસ્તાર

એક ઈન્દ્રાસી, હાથમતી અને બુઢેલી આ ત્રણે નદીઓનો વન વિસ્તાર ભીલોડાના પ્રદેશમાં આવેલો છે. અને તેથીજ ચ્યવન જેવા આયુર્વેદના ઋષીઓએ આ વિસ્તારમાં આયુર્વેદનો આશ્રમ સ્થાપ્યો હતો. જો કે હાથમતી જલાગારમાં આશ્રમ બચી ગયો છે. તેમાં ઋષીઓના આત્માઓએ જ કામ કર્યું હોય તેમ લાગે છે.

આ બાજુ અરવલ્લીની હારમાળા વેલની માફક પથરાયેલી છે અને એ અનેક પહાડોમાંથી ઝરણા રૂપે નીકળતું પાણી દીપન અને પાચન છે. અહીં કોઈના પેટ ફુલેલા નથી કે કોઈને કબજીયાત નથી.

આ બાજુના લોકો ચોખા, મગ અને વનફળો સારા પ્રમાણમાં ખાય છે. લીલાછમ પહાડો અને લીલી માનવ ઉપયોગી વનસ્પતિઓનું વિરાટ દર્શન અતિ માનવની ભૂમિકામાં પ્રવેશ કરવા ખૂબ મદદગાર બની રહે છે.

ઋતુ વસંત રાયણુ અને મહુડાના ફૂલથી ભરેલી ચાર ખૂણાળી ટોપલીઓ માથે લઈને આવતી બ્હેનો અવાર નવાર સામે મળતી હતી. સારા વાંસ પેદા કરતો. આ મુલકમાં ચાર ખુણા બેસણીવાળા ટોપલા જે જોયા તે આખા સાબરકાંઠામાં બીજે જણાયા નહીં, ટોરડા દરબારે કહ્યું કે અત્યારે પણ આ મુલકમાં વાઘ વરૂ રહે છે. આ વન સ્વિતારની હવા એટલી મસ્ત હતી કે કોઈ રોગ થઈ શકે નહીં. તેથી જ ખમીરવંતી પ્રજા દેખાય છે તેથી જ એક લાખ વીસ હજારની વસ્તીમાંથી ચાલીસ હજાર લોકો મીલીટરીમાં જોડાયા છે.

આયુર્વેદનું અધિવેશન જ્યારે મહુવામાં ભરાયું ત્યારે ત્યાંથી થોડે દૂર કલસાડમાં ફીરંગીઓનું મંદિર ૫૦૦ વર્ષ જુનું જોયું. તે જ મીશનરીઓએ આ જ વિસ્તાર પસંદ કર્યો હતો. અને લુસડીયાની હોસ્પીટલ તેનો દાખલો છે આખા સાબરકાંઠામાં વધુમાં વધુ ભીલોડામાં આ મીશનરીઓ નજરે પડી છે.

અત્યારે માંકરોડા-(ભીલોડા પાસે) માં આધુનીક મીશનરી નાંખી છે, ઉપર ઓમ લગાવ્યો છે. (ભ્રમમાં માણુસ પડી જાય) આદિવાસી ખેતીયોજના અને food for work એ યોજના હેઠળ કુવાઓ, પાળાઓ (જમીન સુધારણા) મકાનો, બળદ વગેરે રીતે આદીવાસીઓને મદદમાં જમીન પણ ખરીદી આપે છે. જો સંચાલક ખ્રીસ્તી હોય અગર ખ્રીસ્તી થઈ શકે તેવું લાગતું હોય તો હાઈસ્કૂલના મકાનમાં અને પ્રાથમીક

Scanned with CamScanner

શાળાના મકાનોમાં પણ મદદ કરે છે. આ રીતે પરદેશી ધર્મના પ્રચાર વધે છે. લોટની બેગ તૈયાર, સોયાબીનનું તેલ આ બધું તૈયાર આવે છે.

શમાનંદી ભક્તોનો ભક્ત સંપ્રદાય આ વિસ્તારમાં શરૂ થયેલો જોયો, લુસડીયામાં સુરમલદાસજીએ અને તેમના આગળના માણસોએ ભક્ત સંપ્રદાય શરૂ કર્યો હતો. કંઠી (બાનુ) નાખ્યું, એટલે દરરોજ ન્હાવું ધોવું, દારૂ માંસ બંધ અને સ્ત્રીઓએ માસીક ધર્મ પાળવાનો. તેના ઘરે સફેદ ધજા ફરકાવવાની આ રીતે ઝીંઝુડીમાં ઉપરના પહાડ ઉપર આવું મંદિર બંધાવેલ છે, ભક્ત લોકોના સાથે સંસ્કૃતિ સચવાઈ છે.

ભીલોડા, પાલ, ચીતડીયા, લુસડીયા વગેરે વિસ્તારની ખમીરવાળી પ્રજાનો લાભ લેવા આ વિસ્તાર પસંદ કરેલ પરંતુ અનેક ઋષીમુનીઓના ઉપરના આત્માઓએ આ વાત ફળીભૂત થવા દીધી નથી અને કાળા બાપજી એટલે શામળાજીએ આ સંસ્કૃતિ જાળવી રાખી છે. અને સમગ્ર ભીલ પ્રજા શબરીનું પ્રતિકવૃક્ષ બોરડીનું વૃક્ષ આંગણામાં રાખી કાલાબાપજીના દર્શન કરે છે. ઈસરીની માફક આ ભીલોડા વિસ્તાર આદુની સુંદર ખેતી કરે છે. બીજુ મેં એ જોયું કે ભીલ પ્રજા ટેકરીઓ ઉપર જ વસવાટ કરે છે, જ્યારે પટેલ વગેરે ઈતર કોમોએ વસવાટ પહાડની તળેટીમાં સમૂહમાં કર્યો છે. આ બાજુ ગાય અને બકરીનું દુધ વધારે પીતા મેં જોયા. અને વર્ણ ઉજળીયાત વર્ણ જેવો લાગ્યો. શહેરમાં અમુક વસ્તીને જોઈએ તો મોઢાં મેમણ જેવાં લાગે. જ્યારે આ લોકના આર્યન ટાઈપના લાગ્યા. ઉનાળામાં ભર બપોરે ખુલ્લા આકાશ નીચે કાળી મજુરી આ લોકો જ કરી શકે. અમે પાણી માગ્યું. તો ફટદઈને દોડી જઈ કુવામાંથી પાણી લઈ આવી. ગોળાનું વાસી નહી વાસણ માંજીને તરત જ તાજુ પાણી કુવામાંથી કાઢી લાવીને અમને પાયું.

૧૯૪૭ થી ખેડબ્રહ્માથી પરોસડા, ખેડબ્રહ્માથી પોશીના અને ખેડબ્રહ્માથી કોટડા છાવણીનો વિસ્તાર ફર્યા કર્યો ત્યારે દશમૂલ, નસોતર, મરડાશીંગી, કરીઆતુ, રગતરોહીડો સદણ, પંચક્ષીર વૃક્ષ, અટેડી તેલીયો કંદ, વિદારી કંદ, આંમળા, બહેડા, બીલી, મીંઢળના વૃક્ષો જોઈ હું નાચી ઉઠતો હતો.

૧૯૫૬ પછી આરસોડીયા ભદ્રેસર ગુહાવીનો કાંઠો, કણવનાથ વિજયનગર, પોળોનો મુલક ફર્યા કર્યો. ત્યારે બ્રાહ્મી, ખેર સાદડ, ટેંટુ, કાળીપાટ, સેવણ જોઈને આયુર્વેદની પ્રતિષ્ટા ઓર જામી. ૧૯૬૦ માં કોટડા છાવણી, પાનરવા, ફૂલવાડી, સોનાઘાટીનો પ્રદેશ ૮ થી ૧૦ વાર જોયો ત્યારે બ્રાહ્મી, જંગલી કાંદો, મુસળી દોડી અરીઠાં કેસુડો, કદંબ, બીલી, ઉભી ભોરંગણી, ઈંગોરા, જંગલી સુરણ, અને સહદેવંત સાવળીંગા જેવા સ્મૃતિદાયક અવશેષો જોઈ હું નાચી ઉઠતો હતો.

૧૯૬૫ માં કોટેશ્વર, સોનગઢનો પહાડ, શેઈ નદીનો કાંઠો છેક કાલીકાંકર સુધી અચલગઢ નિચલગઢનો પ્રદેશ જ્યાં વાંસ, પંચક્ષીર વૃક્ષો, ખાખરો, અને મુસલીની ફુલીનીઓ સારા પ્રમાણુમાં જોઈ હતી, ૧૯૬૮ પછી કોસંબીનો કાંઠો જ્યાં આંકોલ, વરણો, રોહીડા, કંબોઇ, પીલુક, બ્રાહ્મી સારા પ્રમાણુમાં જોઈ ત્યારે ખેડબ્રહ્મામાં હરણાવને મળતી કોસંબીનું માન મારા હૃદયમાં અનેકઘણું વધી ગયું હતું.

૧૯૬૮ બાદ ધરોઈ, ગઢાશામળાજી, તારંગા, વડાલી અને છેક વીજાપુર સુધીનો મુલક ખૂબ જ આકર્ષતો હતો. તેમાં લાલપીળો રગત રોહીડા વિકળો ઢગલા બંધ દેખાતો હતો.

૧૯૭૦ બાદ હાથમતીનો કિનારો છેક પાલ સુધી, જુની ગઢ્ઢાપુરી વૈષ્ણવોનું પરમધામ કોટયર્ક, મહુડી, સૂર્યકુંડ, સાંપડ પાસે હાથમતી અને સાબરના સંગમની યાત્રા ખૂબ જ મોટી થઈ. અને સાબરના કિંનારાનું મહાત્મ્ય મારા હૃદયમાં ખૂબ વસી ગયું.

૧૯૭૨ પછી માકડી ડેમનો વિસ્તાર, આડા ફોરેસ્ટ, બાલસમુદ્ર ઉપરનો મોયણો, નાની મોરી અને દેવની મોરી, માલપુર અને મહીનો કાંઠો, લુણાવાંડા જતાં કલેસરી, વાત્રકનો કાંઠો તેમજ મેશ્વોનો કાંઠો, તેમાં ગોરઠીયા મહાદેવ અને ગરમ પાણીના કુંડ જોયા ત્યારે મેશ્વા નદીનું માહાત્મ્ય ખૂબ જ વધી ગયું હતું.

૧૯૭૩ બાદ સોમ નદી, સોમગઢ, કાછરોટીયા પહાડનો મુલક જોયો ત્યારે હરણાવ અને સોમને મારૂં મસ્તક નમી પડયું.

આ બાજુ માલકાંકણી વગેરે ખૂબ જોયા. છેલ્લે જ્યારે ટોરડા અને બુઢેલીનો વન વિસ્તાર જોયો ત્યારે આયુર્વેદના દર્શન કરી પાવન થયો.

આ બધું જોયા બાદ શુદ્ધ આયુર્વેદ દઢ થયું. આયુર્વેદના વૈદ્યો અહીં થયા છે. એટલે જ અહીંના સૌથી ઉંચા ગુરૂશીખરનો મહિમા અપાર છે. આ ભીલોડા વિસ્તાર જો હું ન ફર્યો હોત તો અરવલ્લીનું દર્શન અધુરૂં રહી જાત.

આ બધા ડુંગરોમાં પારિજાતક ખૂબ જોયું આદિવાસીઓ 'તરભેટ' કહે છે અનાજ ભરવાની કોઠીઓ અહીં આનાથી વાંસની જેમ બનાવે છે. તેથી અનાજ સળતું નથી અને કોઠી પણુ સળે નહિ અને વજનમાં પણુ હલકી હોય.

બાલસમ–તનમનીયાના ફૂલ પણુ અહીં બહુ થાય છે.

ડાંગ અને સુરતના આદિવાસીઓ ઢાંચલુ ખાય છે ને ભડુડના રોટલા ખાય છે તેવું અહીં નથી અને આર્થીક રીતે સદ્ધર છે ખેતી સારી ચોમાસુ અને શીયાળુ બે પાક, મકાઈ ઉનાળું પણુ કરે છે લંગોટીઆને બદલે ભણુતર વધુ. વિશ્વાસુ વધુ પહેલાં શંકાથી જુએ પણુ વિશ્વાસ દેખાયા બાદ માથું આપે તેવા છે. અમારે હિંમતનગર સંજીવનીમાં



હિંમતનગર સંજીવનીમાં સેવા આપનાર રંગુસીંગ અને મંગલ



સદા હસમુખા શ્રી મનુભાઈ દરબાર

ભાઇ રંગુસીંગ અને મંગલે આયુર્વેદની સેવામાં પોતાનો ફાળો આપી પોતાની અનન્ય ભક્તિ બજાવી છે. તેજ રીતે અમારે શ્રી મનુભાઈ દરબાર પણ રાતદિ જોયા વગર અડીખમ આયુર્વેદના કામમાં તૈયાર જ હોય. તેમનો પ્રેમ પણ અનન્ય છે.

"પાલ, પહાડા, પાનરવા, પોશીના અને પોળો,
પાંચેય પપ્પા પ્રાણુ લે, જાણે છૂટ્યો તોપનો ગોળો."

આટલાં ભયંકર જંગલો હતાં અને પ્રજા પાસેથી આ ઉખાણો સાંભળ્યો અને દરબારે કહ્યું કે અત્યારે પણ વાઘ અહીં મોજુદ છે.

પાલમાં સાતસો વર્ષ જુનો ૩૫ ફુટના ઘેરાવાવાળો જોયો રૂખડો અને રામજી મંદિરની વાવ ઉપરથી પાણી પીવાય તેવી જોઈ તેથી લાગ્યું કે આ જંગલો ભરપૂર હોવા જોઈએ. ૧૯૪૭માં પાનરવાના ગીચ જંગલો જોયા હતા. પણ તે વખતે ટોરડાનો વિસ્તાર મેં જોયો હોત તો તેની ગીચતાનો અનુભવ મને થયો હોત. પણ આજે ભાંગ્યું ભાંગ્યું પણ ભરૂચ એવું પણ જોવા મળ્યું, પોળોમાં નરેન્દ્રભાઈ સાથે વાઘ અને રીંછ જોયા તે વખતે પોળોના જંગલ જેવું જ ટોરડાનું જંગલ જોવાનું મેં ગુમાવ્યું છે. આ રીતે પહાડાનો વનવિસ્તાર એટલો બધો લાંબો પહોળો હતો કે તેની વનસ્પતિઓને લોકો હજુ યાદ કરે છે. પહાડાની રેંજ લાંબી અને લીલી તે, ભીલોડા પાસે વાંસળી (કણાદર જતા) પાસે હજારો મહુડા જોયા હતા તેવાજ ફળદુપ અને રસભર મીઠાં મહુડા આ પહાડાની બંને રેંજો વચ્ચે અમે જોયા. આ રીતે પહાડા વનવિસ્તાર એ ઓર્ગેનાઈઝ વનવિસ્તાર ધોળવન કાળવન જેવો જ જોયો.

Scanned with CamScanner

શામળાજીનો પ્રભાવ

ટોરડા જવા પેઠા અમે ભીલોડાથી અને ટોરડા બુઢેલી થઇ આવ્યા શામળાજી. આ પહાડ કેમ લીલો રહ્યો ?

દેવની મોરીના ઠાકોર સાહેબના હસ્તકનું આ જંગલ છે ૧૯૪૯ થી ૧૯૫૨ સુધી જંગલ કપાવવાની શરૂઆત સાગ વેચવાની દૃષ્ટિએ થયેલી, પણ તે વખતે મુંબાઈ રાજ્યના ગૃહ પ્રધાનનું પોતાનું ધ્યાન ખેંચાતાં શામળાજીના ધામની ભવ્યતા અને કુદરતી સૌંદર્ય અને આયુર્વેદનું રક્ષણ અર્થે આ જંગલ કપાવવું ન જોઈએ.

તેથી તેમને અટકાવ્યું અને આ પહાડ લીલો રહી ગયો. મેઘરજથી ઈસરી થઈને દેવની મોરી તરફ આવ્યો, અને અત્યારે ભીલોડા તરફથી આવ્યો ત્યારે મ્હેં જોયું કે શામળાજીનો પહાડ નિત્ય લીલો રહી ગયો છે.

સત્ યુગના સમયનું મંદિર કાલા બાપજીની કોતરણીમાં છાસનો પ્રચાર અને તળાવમાં એક ચાર હજાર વર્ષ પૂર્વેનું લાંબી પહોળી ઈંટવાળું મકાન જોયું હતું.

તે શામળાજીના વિસ્તારમાં લુછડીયા, બીલડીયા, પાલ અને ભીલોડાની મીશનરીઓ મરીને મથી ગઈ તોય બાપજીનો પ્રભાવ રતીભાર ઘટ્યો નથી.

એવાં શામળાજી સુંદરવરને સાષ્ટાંગ કરી અમે પાછા સંજીવન પરત થઈ ઇડલી, સંભાર, ચટણી અને વઘારેલી છાસ પીને નિંદ્રાધીન થયા.

આદિવાસી શબ્દ વ્યવસ્થિત રીતે જાણી જોઈને ઉભો કરેલો છે. તે આપસ આપસમાં ભેદ વૃત્તિ પેદા કરે છે. અને બધી મીશનરીઓ ઢગલાબંધ પૈસા સાથે ત્યાં જ પડી છે. આ રીતે ક્રીશ્ચીયાનીઝેશન થઈ શકે તો એ આદીવાસી અને આપણે બહારથી આવેલા છીએ એવી હવા ઉભી કરવાનો પ્લાન હતો, પ્રતાપના વખતમાં આદીવાસીને બદલે ભીલ શબ્દ હતો. તેથી ભીલોડા શબ્દ આવ્યો. પ્રતાપના મહેલ ઉપર ભીલની સાથેનો ફોટો (કોતરણી) આજે ય જોવા મળ્યો છે. પરંતુ એમના અમલ દરમ્યાન આદીવાસી શબ્દ નવો પેદા કરી દીધો પણ શામળાજીની કૃપાથી તેમનો પ્લાન સફળ થયો નહીં. અને વાલ્મીકી જેવા ભીલે એક લાખ રામાયણના શ્લોક લખી ભીલોનો ઉદ્ધાર કર્યો તે આદીવાસી શબ્દ લગાડવાથી શું કરી શકવાના છો ? ભીલ પ્રજા તો ઉત્તમ પ્રજા છે. તે હલકો શબ્દ નથી.

———

Scanned with CamScanner

ટોરડા એટલે જગન્નાથનો રથ

એક જગ્યાએ મેં વાંચ્યું હતું કે ક્રાઈસ્ટ પણ જગન્નાથનો રથ ખેંચવામાં હતા. ત્યારે ભગવાન જગન્નાથના રથમાંથી રાંધેલા મગ અને ચોખા ઉછાળવામાં આવતા હતા. તેમ અહીં ખૂબ મીઠા ચોખા, મગ અને જાંબુ ખૂબ મળતા હતા. દરબાર દોલતસીંહજીના દરબારગઢમાં જાંબુના લાકડાની છત જોઈ ત્યારે મને તેનું સચોટ દર્શન થયું, આવા જગન્નાથજીના જાંબુ હવે જોવા મળતા નથી એનું દુઃખ છે.

પોળોના જંગલમાં હું ફરતો ત્યારે હું જોતો કે હરણાવનો જળ પ્રવાહ અંદર જમીનમાં ઉંડેથી વહી રહ્યો છે. એને લીધે ત્યાં બારે માસ દદંબ, બ્રાહ્મી, ઈન્દ્રજવ વગેરે લીલાછમ રહે છે. તે રીતે અહીં પણ પહાડોના વન વિસ્તારના ડુંગરોમાં વરસાદના પડેલા પાણીથી અંદરનો જળપ્રવાહ કાયમ વહેતો રહી ભેજ સંગ્રહી રાખે છે. જેથી આ બાજુની જમીન ખૂબ ફળદ્રુપ રહી છે. એને લીધે અહીંની પ્રજા ખૂબ સમૃદ્ધ રહી છે.

Scanned with CamScanner

સાબરકાંઠાનો આરણ્યક વિભાગ

ટોરડા વન વિસ્તાર

અત્યારે પણ વાઘ છે તે હિસાબે ખરેખર આ વિસ્તાર વનશ્રીથી ભરપૂર છે. ભગવાન જેવા ચ્યવન ઋષિએ લખેલ જીવનીય ગણની વનૌષધિઓ ભિલોડા વિસ્તારમાં પડેલી છે. અને વૈદ્ય ભાઈઓ જો થોડી વધુ મહેનત કરે તો મેદા, મહામેદા, કાકોલી, ક્ષીરકાકોલી ઋષભક, જીહૂવક આ બધી વસ્તુઓ જરૂર મળી શકે. કારણ મોટા ભાગના પહાડ ખૂબ લીલાછમ છે, અને નદીનો પ્રવાહ અંદરના ભાગથી વહે છે. એટલે બૂઢલી ઉપરથી ભલે સૂકી નદી લાગે પણ અંદરથી પાણી ભરપૂર છે.

તે હિસાબે આયુર્વેદની એક નર્સરી સારાં પાયા ઉપર અહિં કાઢવી જરૂરી છે. અને જીવનીય ગણની વનૌષધિઓ માટે સંશોધન કેન્દ્રની જરૂર છે. ભિલોડાથી થોડેક જ દૂર ચ્યવન ઋષિનો આશ્રમ છે.

અને તેઓ એંશી વરસે પરણ્યા. અને ચ્યવનપ્રાશનો પ્રયોગ કર્યો. તેમાં આ જીવનીય ગણ વાપર્યો છે. તેથી તો તેનું નામ "જીવન" આપ્યું છે. નહિતર જીવન શબ્દ ન અપાયો હોત. ખરી રીસર્ચ જ આ કરવાની છે.

અને અહિંના કૂવાઓમાં પાણી ઉપર જ આવેલું છે. આ નદી સાંકડી છે, પણ ચોમાસામાં જોવા જેવું તેનું પૂર છે. અનેક હારમાળામાંથી સંગ્રાહીત આ પાણી પચવામાં ખૂબ જ હલકુ મને લાગ્યું છે. અને તેનાથી ખોરાક જલદીથી પચી જાય છે. અહિંના વૈદ્યોએ આ ભૂમિમાંથી રસાયન પ્રયોગો કરાવ્યા છે. અને તે રીતે આયુર્વેદની પ્રતિષ્ઠા જાળવી છે.

આડા ફોરેસ્ટમાં જેમ કેવળ મોયણાના વૃક્ષો વધારે જોયાં છે, તેમ અહિં કેવળ મહુડાનાં વૃક્ષો વધારે જોયાં છે. અહિંની બ્હેનો અને ભાઈઓ ખમીરવાળાં જણાયાં છે.

જો કે જાગીરદારોએ ડોલર મેળવવાની લોભવૃત્તિથી જંગલો ખલાસ કર્યાં છે. અને હજાર બબ્બે હજાર વર્ષ જુનાં વૃક્ષો સફાચટ થઈ ગયાં છે. કારણ ૭૦૦ વર્ષ જુનો રૂખડો અને ચારસો વર્ષ જુનાં મહુડાનાં વૃક્ષ અને ચારસો પાંચસો વૃક્ષ જુનાં રાયણનાં વૃક્ષ હજી પણ રહ્યાં ખડચાં મ્હેં જોયાં છે, પ્રદેશ ઘણો જ રમણીય લાગ્યો. ૨૨૦૦ વર્ષ પહેલાં હ્યુએન સંગ આવેલો તે હરણાવનાં કાંઠે ફર્યો હતો, અને તેથી હરણાવ સંસ્કૃતિનો

Scanned with CamScanner

ઉલ્લેખ છે. પણ તે ટોરડા તરફનો વન પ્રદેશ અને ખુઢલીનો કાંઠો ફર્યો નથી, તેથી હવે આ પ્રદેશની મારે સત્યવાન ઔષધીઓ બહાર પાડવી પડી છે.

સાબરકાંઠો એ વનસ્પતિનો બગીચો છે. માનવ ઉપયોગી ૬૦૦ વનૌષધિઓ અહિં જે મ્હેં સાચા તાજા સ્વરૂપમાં જોઈ છે તે બીજે કયાંય જોઈ નથી. પંચમહાભૂત તત્વને એક છેડે અહિં માટી પહાડ છે. અને બીજે છેડે ખમીરવાન ભીલ પડેલો છે. મહુડાં એ તેમનો પ્રાણ છે, અહિં પરમ ચૈતન્ય જ પૃથ્વિમાં પહાડોની રેન્જ ઉપર ઘનીભૂત થયેલું મ્હેં જોયું છે. માનવ જાતને અને સચરાચર સજીવ પ્રાણીઓને અન્ન આપનાર અને રોગો મટાડનાર સૌ પ્રથમ આ અરવલ્લીનો પ્રદેશ છે. તેથી જ અંગ્રેજોએ "ઓલ્ડેસ્ટ રેન્જીજ ઈન ધી વર્લ્ડ" જુનામાં જુની પર્વતીય હારમાળા કહી છે. પણ અહિં જેટલી નજીક નજીક ગુંથાયેલી હારમાળા મ્હેં બીજે જોઈ નથી. આ સત્વવાળી પહાડોમાંથી ચરકની વનૌષધિઓ રસકસ ચૂસે છે. આત્મસાત કરે છે.

જે ખાઈ અમારા વૈદ્યો રોગો દૂર કરે છે. "બહુકલ્પં, બહુગુણં, સંપન્નં યોગ્ય; ઔષધમ્" તે મને અહિં દેખાણું છે. "અહિંની ઔષધિઓ ! તમે તો માતા છો. અને તમારા વડે તો ભારત વર્ષની સાધનામાં વિશ્વ બ્રહ્માંડ સાથે ચિત્તનો યોગ, અને આત્માનો યોગ મ્હેં સાધ્યો છે.

જ્યારે જ્યારે દુન્યવી દુઃખોથી કંટાળ્યો છું, ત્યારે ત્યારે મને આ અરવલ્લીની હારમાળાએ સાંત્વન આપ્યું છે.

ટોરડા અને ખુઢલી વિસ્તાર છેક પાલ્લા સુધી અને આ બાજુ ટાકાટુકા સુધી ભૂલી નહિ શકાય.

સાબર તારાં વહેતાં પાણીમાં હાથમતિ મળી છે, પણ હાથમતિ પણ આવી ખુઢલી જેવી ધીર સભર છે.

રાજવૈદ્ય રસિકલાલ પરીખ લેખીત

અન્ય પુસ્તકો

સાબરકાંઠાની વનસ્પતિઓ ભાગ-૧ લો	૧=૦૦
સાબરકાંઠાની વનસ્પતિઓ ભાગ ૨ જો	૨=૦૦
સાબરકાંઠાની વનસ્પતિઓ ભાગ ૩ જો	૧=૫૦
સાબરકાંઠાની વનસ્તીઓ ભાગ ૪ થો	૪=૦૦
સાબરકાંઠની વનસ્પતિઓ ભાગ ૫ મો	૨૦=૦૦
સાબરકાંઠાની વનસ્પતિઓ ભાગ ૬ ઠો	૨૦=૦૦
સાબરકાંઠાની વનસ્પતિઓ ભાગ ૭ મો	૧૫=૦૦
સાબરકાંઠાની વનસ્પતિઓ ભાગ ૮ મો	૨=૦૦
આયુર્વેદ ધી સંજીવની (ઈંગ્લીશ)	૨૦=૦૦
પ્રસુતાની સારવાર (બીજીપ્રત)	૫=૫
યોગ શતક	૩=૫૦
પ્રભાશંકરભાઈનું જીવન ચરિત્ર	૧=૫૦
આરોગ્ય સુધા	૧=૫૦

લખો :

રાજવૈદ્ય રસિકલાલ પરીખ

સંજીવની હોસ્પિટલ, સંજીવની રોડ, અમદાવાદ-૭

ટે. નં. ૮૫૧૩૮

Scanned with CamScanner



દશમૂળનું મુખ્ય ઔષધ
ટેંટુના વૃક્ષ ઉપર લટકતી
તલવાર જેવી જોડકામાં
શીંગ

Scanned with CamScanner